





કમીશન-ખાયકી તો એમની રગે-રગે છે,
ઠગે છે સેવાના નામે, ચર્ચા એમની જગે છે
ડગે છે વિશ્વાસ, ધગે છે હૈયું દેશદાઝથી -
હવે કૌભાંડ આકાશે હેલીકોપ્ટર ચગે છે!
(૬૦૦ કરોડ નો કોડિયો)




બધી 'બાબતે'
હોય જે 'પારંગત' -
(તે) - મંડલેશ્વર!!
(નિત્યાનંદ-મહામંડલેશ્વર)

ચાલે છે બધું!
ફિક્સ ભાવપત્રકે -
'નિયમસર'..
(જેલમાં 'કડક' અમલ)

## ચિંતન

**હે લક્ષ્મી ક્ષણિકે સ્વભાવ ચપલે મૂઢે ચ પાપે અધમે નત્વં ચોત્તમપાત્ર મિચ્છસિ ખલે પ્રાયેણ દુશ્ચારિણા ।**
**યે દેવાર્ચન સત્ય શૌચનિરતા યે ચાપિ ધર્મરતા, સ્તેભ્યો લજ્જસિ નિર્દયે ગતમતિ નીંચો જનો વલ્લભઃ ॥**

'હે લક્ષ્મી! તું ઘડીભર રહેનારી, સ્વભાવથી ચપળ, મૂઢ, પાપી, અધમ અને દુષ્ચરિતવાળી છે; માટે તું ઉત્તમ ચરિત્ર-સજ્જન પાત્રને ઇચ્છતી નથી અને ઘણું ખરું તું દુર્જનમાં નિવાસ કરે છે - હે નિર્દયી-લક્ષ્મી! જે લોકો ઇશ્વરનું સ્મરણ-દેવપૂજન કરે છે સત્યનું આચરણ કરે છે અને શુધ્ધ-પવિત્ર જીવનમાં જે પ્રેમ રાખે છે અને જેમને ધર્મ પર સ્નેહ છે એવા લોકોની તને શરમ આવે છે - જેની બુધ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ છે - હલકો-નીચ છે એવા લોકો તને પ્રિય લાગે છે.'

આજના યુગમાં આપણે જોઇએ છીએ કે નેતાઓ-અધિકારીઓ-વેપારીઓ જે સામાન્યતઃ અનીતિને જ વરેલા છે, અન્યાય અને અધર્મનું જે આચરણ કરે છે, અસત્યમાં ઓતપ્રોત રહે છે એમની પાસે કરોડો-અબજોનો ભંડાર હોય છે.

**આ શ્લોકમાં લક્ષ્મી માટે કહેવાયું છે કે - તે સદાય દુર્જનો પાસે જ રહે છે તે અધર્મી અને નિર્દયીઓને** જ અનુસરે છે - અધમ ચારિત્ર્યવાળા મૂઢ અને પાપી લોકો જ લક્ષ્મીને વશમાં રાખી શકે છે - લક્ષ્મી પણ એવા લોકોને જ તાબે રહે છે.

જે લોકો સજ્જન, ન્યાયી, કર્તવ્યનિષ્ઠ અને ધર્મનું પાલન કરનારા છે તેમની પાસે જતાં પણ લક્ષ્મી લજ્જા સાથે સંકોચ રાખે છે.

લક્ષ્મી બુધ્ધિભ્રષ્ટ અને હલકાં-નીચ લોકોને જ પસંદ કરે છે, સજ્જનો ને નહીં!

## સુવિચાર

- વૈભવ મેળવવાના ઇચ્છૂકે, નિંદ્રા, તંદ્રા, ક્રોધ, આળશ અને એદીપણું આ પાંચ અવગુણ તજવા **- વિદુરજી**
- જેમ કાચબો પોતાનાં અંગોને સંકોરી લે છે તેમ જ્ઞાની અધ્યાત્મ દ્વારા પોતાના પાપોને સંકોરી લે છે **- મહાવીર સ્વામી**
- સદ્‌ગુણો કંઇ વરસાદની જેમ આકાશમાંથી વરસતા નથી, એ તો સ્વયં શિસ્તથી હૃદયમાં પ્રગટે છે **- બુધ્ધ**
- ભણતર માટે પ્રેમ એ ડહાપણ છે, ભણતર દ્વારા પ્રાપ્ત સદ્‌ગુણનું આચરણ એ ઔદાર્ય છે, અને સતત જાગૃતિ એ ધૈર્યની નિશાની છે - આ ત્રણે બાબતનું આચરણ એ ચારિત્ર્યનો વિકાસ છે **- કોન્ફ્યુસિયસ**
- ભાષણ મનુષ્યના મન પર રાજ્ય કરવાની કળા છે **- પ્લેટો**
- સાચો નેતા બોલે છે ઓછું પણ નિશ્ચિત આયોજનોનો અમલ કરે છે **- લાઓત્સે**
- ઇશ્વર પણ ભૂતકાળ બદલી શકતો નથી **- એરિસ્ટોટલ**

## બોધ કથા

આજે કોઇને પરિશ્રમ કરી પરસેવાની કમાણીમાં રસ નથી, પણ બે-નંબરી, છળકપટ, એકનાં ડબલ જેવાં કૌભાંડ કરી રાતોરાત ધનિક થઇ જવું છે, અને આવી તાલીમ બાળકોને આજે ઘર-શાળા-સમાજમાંથી જ મળે છે.

**શ્રી નારાયણ રાવ ચંદાવરકર મહારાષ્ટ્રના ખ્યાતનામ શ્રેષ્ઠી હતા.** એક સાંજે લટાર મારવા નીકળ્યા ત્યારે એક મકાન બાંધવાનું કામ ચાલતું હતું ત્યાં-એક મજૂરણ બાઇ પથ્થરા ગોઠવી ચૂલો બનાવતી હતી - અને કંઇક પકવવાની તૈયારીમાં હતી પણ તેનાં બે નાનાં બાળકો ભૂખ્યાં હતાં અને માની પાસે ખાવાનું માગી રડતાં-કકળાટ કરતાં હતા. માતા એ કંઇ મન પર લીધા વિના લોટ બાંધવાની પેરવીમાં હતા.

**- નારાયણરાવ પરિસ્થિતિ પામી ત્યાં ગયા અને બાઇને કહ્યું, આઇ! આ છોકરાં ભૂખ્યાં છે રડે છે તારી રસોઇ તૈયાર થાય એ દરમિયાન આ સામે ઉભેલી લારીમાંથી થોડાં કેળાં લઇ આવ! બાળકોની ભૂખ ભાંગશે અને શાંત થશે!**

બાઇ નારાયણરાવ સામે એકી ટસે જોઇ રહી, આંખમાં ઉશ્કેરાટની લાલાશ ઉભરાઇને બોલી, શેઠ તું તારા ઘરનો બાજીરાવ! અમે કંઇ ભિખારી નથી! કે તારા પૈસા લઇએ! છોકરાંની સામે ફરીને કહ્યું ખબરદાર! કોઇ'દિ કોઇની સામે હાથ લાંબો કર્યો તો!

નારાયણરાવ સ્તબ્ધ થઇ ગયા, આઇના ગૌરવને મનોમન વંદન કર્યા.

# યે નયે મિજાજ કા શહર હૈ, જરા ફાસલે સે મિલા કરો

આંખો મે રહા દિલ મે ઉતરકર નહી દેખા
કિશ્તી કે મુસાફિરને સમંદર નહી દેખા
બેવક્ત અગર જાઉંગા સબ ચૌંક પડેગેં
ઇક ઉમ્ર હુઇ દિન મેં કભી ઘર નહીં દેખા
જિસ દિન સે ચલા હૂં મેરી મંઝીલ પે નજર હૈ
આંખો ને કભી મીલ કા પત્થર નહી દેખા
યે ફૂલ મુઝે કોઇ વિરાસત મેં મિલે હૈ
તુમને મેરા કાંટો ભરા બિસ્તર નહીં દેખા
પત્થર મુઝે કહતા હૈ મેરા ચાહને વાલા
મેં મોમ હૂ ઉસને મુઝે છૂકર નહી દેખા

આ અદ્‌ભૂત અલ્ફાઝોને તરાશીને કાગઝનાં ટુકડા પર મુકનાર ફનકારનું નામ છે સૈયદ મહમ્મદ બશીર ઉર્ફ બશીર 'બદ્ર'... અને જો આ નામનાં મતલબમાં **તહકીકાત કરીએ તો બશીર એટલે ખુશીખબરી લાવનાર** અને બદ્ર એટલે પૂર્ણિમાનો ચંદ્ર. બશીર અરબી શબ્દ છે ને બદ્ર ફારસી, અને તેમની ગઝલ - તેમની શાયરી મુકમ્મલ ઇન્સાની ગઝલ છે.

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

ગઝલને લાલ પાન ચબાવતા ને ગજરા સૂંઘતા શોખીનોની દુનિયાથી અલગ - ઉર્દૂનાં ભારેખમ અતિરેકથી બચાવીને આવામની જબાન પર આવામની ગઝલ કહેનાર એટલે **બશીર બદ્ર એટલે જ તે પોતાની એક ગઝલનાં શે'રમાં કહે છે.**

કોઇ ફૂલ ધૂપ કી પત્તિયોં મેં હરે રિબન સે બધાં હુઆ
વો ગઝલ કા લહઝા નયા-નયા, ન કહા હુઆ ન સુના હુઆ

અને આવી જ રિબિનોથી બંધાયેલી નવી ગઝલમાં બશીર લખે છે

હંસી માસૂમ સી - બચ્ચોં કી કાપી મે ઇબારત સી
હિરન કી પીઠ પર બૈઠે પરિન્દે કી શરારત સી
**(ઇબારત : લેખન)**

એક રચનામાં બશીર સા'બ લખે છે -

હવા મેં ઢૂંઢ રહી હૈ કોઇ સદા મુઝ કો
પુકારતા હૈ પહાડોં કા સિલસિલા મુઝકો
અને પછી ખુદમુખ્તારીની વાત...
મૈં આસમાનો જમીં કી હદેં મિલા દેતા
કોઇ સિતારા અગર ઝુક કે ચૂમકા મુઝકો
મકાન, ખેત સભી આમ કી લપેટ મેં થે
સુનહરી ઘાસ મેં ઉસને છુપા દિયા મુઝકો
બસ એક રાત મેં સરસબ્ઝ યે જમીન હુઇ
મેરે ખુદા ને કહાં તક બિછા દિયા મુઝકો
**(સરસબ્ઝ : હરીભરી)**

...અને આ શાયર દિલ પર ફેલાઇ જાય છે - સવારનાં તડકાની જેમ!! પણ ખ્વાહિશોની દુનિયામાં ખ્વાબ પરવાઝ ચડે છે અને બશીર લખે છે

ઇસ જખ્મી પ્યાસે કો ઇસ તરહ પિલા દેના
પાની સે ભરા શીશા પત્થર પે ગિરા દેના
અને પછીની લીટીઓ 'બશીરાના' અંદાજમાં
ઇન પત્તો ને ગર્મી ભર સાયેં મેં હમે રખા
અબ ટૂટ કે ગિરતે હૈ, બેહતર હૈ જલા દેના

જિંદગીનું અંતિમ બિંદુ પણ એક ઊંચાઇ પર પહોંચાડીને આગળ લખે છે એ બદગુમાન દુનિયા માટે કે...

છોટે કદો કામત પે મુમકીન હૈ હસે જંગલ
ઇક પેડ બહુત લમ્બા હૈ, ઉસકો ગિરા દેના
અબ દૂસરો કી ખુશિયાં ચુભને લગી હૈ આંખો મેં
યે બલ્બ બહુર રોશન હૈ ઇસ કો બુઝા દેના

... પરંતુ હજુ ખુમારીથી નાતો તૂટયો નથી અન્ય એક ગઝલ આપની આંખ પાસે મૂકું છું...

હમારા દર્દ હમારી દુખી નવા સે લડે
સુલગતી આગ કભી સિરફરી હવા સે લડે
મૈં જાનતા હૂં કિ અંજામ કાર કયા હોગા
એકલા પત્તા અગર રાતભર હવા સે લડે
સમજના બાદલો મે ઘિર ગયા હૈ મેરા જહાજ
લહૂ સે તર કોઇ તાઇર અગર હવા સે લડે
**(તાઇર : પરિન્દા, પક્ષી)**
તુમ્હારે શહર મેં કયા હો ગયા થા, જિસકો લિયે
"બશીર" રાત રહે રાત ભર ખુદા સે લડે

બશીરની ગઝલ સંઘર્ષની ગઝળ છે - જિંદગી માટે ફના થવા નીકળેલા દિલદરિયા આદમીની ગઝલ છે. અને બશીર લખે છે...

આયા હી નહીં હમ કો આહિસ્તા ગુજર જાના
શીશોં કા મુકદ્દર હૈ ટકરા કે બિખર જાના
તારોં કી તરહ શબ કે સીને મેં ઉતર જાના
આહટ ન હો કદમો કી ઇસ તરફ ગુજર જા
**(શબ : રાત)**
હર મોડ પે દો આંખે હમ સે યહી કહતી હૈ
જિસ તરહ ભી મુમકીન હો તુમ લૌટ કે ઘર જાના

અને પછી ખ્વાબોંની દુનિયાની ગુલાબી બારી તોકી હકીકતની મશાલની રોશની લઇ આવે છે...

યે ચાંદ સિતારે તુમ ઔરોં કે લિયે રખ લો
હમ કો યહી જીના હૈ, હમ કો યહી મર જાના

અને બગાવતી અવાજ ઊઠ્યા કરે છે...

સાયે ઉતરે, પંછી લૌટે, બાદલ ભી છાનેવાલે હૈ
લેકિન મેં વો ટૂટા તારા જો ઘર સે જાને વાલા હૈ
ફિર સુબહ હુઇ આંખે ખોલેં, કપડે બદલેં, ફીતેં બાંધે
ઉસ શહર કે બારે મેં સોચે જો શહર અબ આને વાલા હૈ
જિસ છપ્પર કે નીચે ગાંવ કે બૂઢે હુક્કા પીતે રહતે હૈ
ઉસ છત મેં ઇક પાગલ લડકા અબ આગ લગાને વાલા હૈ

બશીરની ગઝલમાં વિદ્રોહ પણ છે અને આશા પણ છે... અંધારા અને અજવાળાની કશ્મકશ છે - શહેરી વિરોધાભાસોથી છલકતી ગઝલોમાં અહસાસ સળગ્યા કરે છે અને એટલે તે લખે છે...

કોઇ હાથ ભી ન મિલાયેગા જો ગલે મિલોગે તપાક સે
યે નયે મિજાજ કા શહર હૈ જરા ફાસલે સે મિલા કરો

આ વિચિત્રતાઓનું શહેર છે... અને છેલ્લે બશીર સા'બનો અલ્ટીમેટ શેર જે મીનાકુમારીથી માંડી ઇન્દિરા ગાંધી અને જ્ઞાની ઝૈલસિંઘને પણ ખુબ પસંદ હતો...

"ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહને દો
ન જાને કિસ ગલી મેં જિંદગી કી શામ હો જાયે..."

• • •


અલવિદા!!

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૫મી ફેબ્રુઆરી**

- ફિલિપાઇન્સ યુનિવર્સિટીના અધ્યાપક, સ્વિટ્ઝરલેન્ડની શાંતિ પરિષદમાં ભારતનાં પ્રતિનિધિ ગહન વિધ્ધતાનું અભિનવ દર્શન કરાવનાર ડો. કાલિદાસ નાગનો જન્મ. ૧૫-૨-૧૮૯૧.



- મહાન ખગોળ વિજ્ઞાની ગેલેલિયોનો જન્મ-૧૫૬૪. દૂરબીનને હાઇડ્રોસ્ટેટિક બેલેન્સના શોધક, પૃથ્વી સૃષ્ટિના કેન્દ્ર સ્થાનમાં નથી તેવું દર્શાવનાર ખગોળવિજ્ઞાન, સંશોધનના પુસ્તકો લખનારા આ મહાન ખગોળશાસ્ત્રી ૧૬૪૨માં અવસાન પામ્યા.

૧૯૦૭ - ફિનલેન્ડ સૌ પ્રથમ દેશ બન્યો જેમાં મહિલાઓને સંસદ સભ્ય તરીકે ચૂંટવામાં આવી.

- ૧૯૪૮ - સૌરાષ્ટ્ર-કચ્છના દેશી રાજયોનું વિલીનીકરણ થયું.



- અસદલ્લાંખાં - અબ્દુલ બેગ - શાયર મીરજા ગાલિબની પુણ્યતિથિ.

# મનોવિજ્ઞાન એ શામાંથી વિખૂટી પડેલી શાખા છે?

### વિષય : શિક્ષણ જગત

(૧) વિદ્યાર્થીઓનાં સામાજિક વિકાસ ચાખવાની પ્રયુક્તિ 'સામાજિકતામિતિ'ના સર્જક કોણ!
(અ) યુંગ (બ) મોરેના (ક) એન્ડ્રુ (ડ) એડીસન
(૨) 'શૈક્ષણિક મનોવિજ્ઞાન' વ્યક્તિના જન્મથી વૃધ્ધાવસ્થા સુધીની શીખેલા અનુભવોનું વર્ણન કરે છે? - આ વ્યાખ્યા કોની છે?
(અ) સ્કીનર (બ) ક્રો એન્ડ ક્રો (ક) સી.ટી. મોર્ગન (ડ) જે.બી. વોટસન
(૩) ભય, ક્રોધ, હર્ષ, તિરસ્કાર વગેરે માનસિક સ્થિતિને શું કહેવાય છે?
(અ) વારસો (બ) વૃધ્ધિ (ક) ઉત્પ્રેરણા (ડ) સંવેગ
(૪) સિગ્મંડ ફ્રોઈડ કઈ અવસ્થાને 'ભાવિ વ્યક્તિત્વ નિર્માણ' માટે જવાબદાર ગણાવે છે?
(અ) ગર્ભાવસ્થા (બ) કિશોરાવસ્થા
(ક) તરૂણાવસ્થા (ડ) શીશુ અવસ્થા
(૫) 'માનવીના સંપૂર્ણ વ્યક્તિત્વનું પ્રગટીકરણ એટલે કેળવણી' આ વિધાન કયા મહાનુભવન છે?
(અ) વિવેકાનંદ (બ) અરવિંદ ઘોષ (ક) રાધાકૃષ્ણન (ડ) ગાંધીજી
(૬) શિક્ષક કયા પરિવર્તનનો પરિવ્રાજક છે?
(અ) ધાર્મિક (બ) આર્થિક (ક) સામાજિક (ડ) નૈતિક
(૭) 'શિક્ષણ એટલે અનુભવોનું સતત થતું પુનઃનિર્માણ' આ વિધાન કોનું છે?
(અ) ટાગોર (બ) વિલિયમ જેમ્સ
(ક) બ્રુબેકર (ડ) જહોન ડ્યુઈ
(૮) નીચેનામાંથી કોની મનોવિજ્ઞાનના પિતા તરીકે ગણના થાય છે?
(અ) જેમ્સ કેટલ (બ) ગેસ્ટાલ્ટ
(ક) વિલિયમ વુન્ડસ (ડ) ક્રો એન્ડ ક્રૉ
(૯) મનોવિજ્ઞાન એ શામાંથી વિખૂટી પડેલી શાખા છે?
(અ) તત્ત્વજ્ઞાન (બ) ભૌતિક વિજ્ઞાન (ક) તર્કશાસ્ત્ર (ડ) નીતિશાસ્ત્ર
(૧૦) અષ્ટાંગ માર્ગ કયા શિક્ષણના અભ્યાસક્રમનો પાયો છે?
(અ) જૈન (બ) વૈદિક શિક્ષણ (ક) જૈન શિક્ષણ (ડ) શીખ શિક્ષણ
(૧૧) 'પબજા' કયા શિક્ષણનો પ્રવેત્સોસવ છે?
(અ) જૈન શિક્ષણ (બ) બૌધ શિક્ષણ
(ક) વૈદિક શિક્ષણ (ડ) ઈસ્લામી શિક્ષણ
(૧૨) ઉપનયન શા નો સંસ્કાર છે?
(અ) બૌધ્ધ શિક્ષણ (બ) વૈદિક શિક્ષણ
(ક) જૈન શિક્ષણ (ડ) શીખ શિક્ષણ
(૧૩) આમ જનતાના શિક્ષણ માટે કયા ભારતીય તત્ત્વ ચિંતકે ભાર મૂક્યો છે?
(અ) મહાવીર (બ) શંકરાચાર્ય (ક) બુધ્ધ (ડ) ઈશ્વર ક્રિષ્ણા
(૧૪) કયા તત્ત્વચિંતકે કહ્યું છે કે, 'શિક્ષણ એ મૂળભૂત રીતે રૂપાંતરણની પ્રક્રિયા છે'?
(અ) રવિન્દ્રનાથ ટાગોર (બ) અરવિંદ
(ક) રામાનુજ (ડ) વાસ્તવવાદ
(૧૫) સામાજિક પરિવર્તન માટે કયુ પ્રેરળાબળ મદદકર્તા બને છે?
(અ) શિક્ષણ (બ) ધર્મ (ક) વંશજાતિયતા (ડ) જાતિ


### ● વિવિધા ●

વિષય :- નદી કિનારે વસેલાં શહેરો (આગળનાં અંકનું બાકી...)
શહેર, દેશ અને નદી

- નાસિક (ભારત) : **ગોદાવરી**
- રંગૂન (મ્યાનમાર) : **ઇરાવદી**
- લંડન (બ્રિટન) : **થેમ્સ**
- લિવરપુલ (બ્રિટન) : **મર્સી**
- લ્હાસા (તિબેટ) : **બ્રહ્મપુત્ર**
- વારાણસી (ભારત) : **ગંગા**
- શાંઘાઈ (ચીન) : **ડોન**
- શ્રીનગર (ભારત) : **ઝેલમ**
- હરિદ્વાર (ભારત) : **ગંગા**
- મોસ્કો (રશિયા) : **મોસ્કાવા**
- રોમ (ઇટલી) : **ટાયબર**
- લાહોર (પાકિસ્તાન) : **રાવી**
- લિબ્સન (પોર્ટુગલ) : **તાગુસ**
- વિયેના (ઓસ્ટ્રીયા) : **ડેન્યૂબ**
- વોંશિગ્ટન (અમેરિકા) : **પોટામેક**
- સક્કર (પાકિસ્તાન) : **સિંઘુ**
- સુરત (ભારત) : **તાપી**
- હેમ્બુર્ગ (જર્મની) : **એલ્બ**

### ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ગુજરાતના કયા ગામમાં સતના પારખા કરવા લોકોને ઉકળતાં તેલમાં હાથ નાખવા મજબૂર કરવામાં આવ્યા?
જવાબ - ડેરીયા, તા.બાયડ, જિ. સાબરકાંઠા




### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૪) મહેશભાઈ એમ. જાદવ : સાદરા વિદ્યાપીઠ
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી, ૧૭૫૭/૨
(૭) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૮) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦

### પૂછું એક સવાલ...?

(૧) હર્ષ મનુભાઈ પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - વિશ્વમાં સૌથી વધુ સિંચાઈ વાળી જમીન વિસ્તારમાં કયાં આવેલી છે?
જવાબ - ભારતમાં
(૨) વ્યાસ મીત. એચ : સે-૨૪થી
પ્રશ્ન - રાષ્ટ્રીય વિજ્ઞાન દિન કયારે ઉજવાય છે? કોની યાદમાં?
જવાબ - રાષ્ટ્રીય વિજ્ઞાન દિન, ૨૮ ફેબ્રુઆરીએ, ડૉ. સી.વી. રામનની યાદમાં ઉજવાય છે.
(૩) પરમાર અંકિત એચ : સે-૨૮થી
પ્રશ્ન - લુમ્બીની કયાં આવેલું છે? તેનું ધાર્મિક મહત્ત્વ શું છે?
જવાબ - લુમ્બીની નેપાળમાં આવેલું છે. જયાં ભગવાન બુધ્ધનો જન્મ થયો હતો.
(૪) ઠક્કર મેઘા એલ : સે-૪થી
પ્રશ્ન - વિશ્વનો મોટામાં મોટો ગુંબજ કયાં આવેલો છે?
જવાબ - બિજાપુર (ભારત)
(૫) પટેલ જૈમિન ડી. : સે-૨૭થી
પ્રશ્ન - ભારતમાં પ્રથમ એસ.ટી.ડી. સેવા કયારે અને કયાં શરૂ થઈ હતી?
જવાબ - ૧૯૬૦માં - લખનઉ અને કાનપુર વચ્ચે

(અનુસંધાન પાના નં. ૬ પર)

### બહુરૂપીની પરીક્ષા

દિલ્હી શહેરમાં એક બહુરૂપી જુદા જુદા વેશ બતાવતો હતો. એકવાર દિલ્હીના શહેનશાહ અકબર જાતે તેના ખેલ જોવા પધાર્યા. શહેનશાહની સાથે એમનો રસાલો પણ હતો. સહુ તલ્લીન થઇને બહુરૂપીના ખેલ જોતા હતા.

છેલ્લે બહુરૂપી બળદનો ખેલ કરવા લાગ્યો. જોનારા રાજી થયા. તાળીઓનો ગડગડાટ થતો રહ્યો. એક નાનકડો છોકરો પણ ઉભો રહીને આ ખેલ જોતો હતો. તેણે નીચા નમી ભોંય પરથી એક કાંકરો ઉપાડ્યો અને બળદની પીઠ પર ફેંક્યો.




છોકરો ખુશ થઇ ગયો. તેણે પોતાની ટોપી ઇનામ તરીકે બળદ પર ફેંકી. બાદશાહે આ જોયું. બાદશાહે છોકરાને પોતાની પાસે બોલાવ્યો.

બાદશાહે પૂછ્યું : છોકરા, તેં બળદ પર ટોપી કેમ ફેંકી? "જહાંપનાહ, એ ટોપી મેં ઇનામ તરીકે ફેંકી છે." છોકરાએ નમ્રતાથી જવાબ આપ્યો.

બાદશાહને થયું છોકરો અવળચંડો છે. એટલે છોકરાને કહ્યું : "ઇનામ? શાનું ઇનામ? આવું ઇનામ?"

છોકરાએ શાંતિથી કહ્યું, "જહાંપનાહ, બહુરૂપીએ હૂબહૂ વેશ બતાવ્યો, તેનું ઇનામ. મેં બળદ પર કાંકરો નાખી તેની પરીક્ષા કરી. ઢોરનો સ્વભાવ છે કે એને કશું વાગે તો તરત પોતાની ચામડી થરકાવે. કાંકરો વાગતાં જ બહુરૂપીએ પણ પીઠ થરકાવી. એટલે હું ખૂબ રાજી થયો.


બાદશાહ કહે : પણ તે ટોંપીની ભેટ કેમ આપી?"

છોકરો કહે : "જહાંપનાહ, સાચી પરીક્ષા થાય અને કોઇ તેમાં પાસ થાય તો ઇનામ એક ટોપી હોય કે સોનામહોર. ઇનામ એ ઇનામ છે."

છોકરાના જવાબથી બાદશાહ રાજી થયા અને પોતાની નોકરીમાં રાખી લીધો.

### દિમાગી કસરત

અહીં દસ ફૂટબોલ વડે એક ત્રિકોણ આકાર રચાયો છે. ફક્ત ત્રણ ફૂટબોલની જગા બદલીને અવળો ત્રિકોણ કરી આપશો? કોશિશ કરો.



### "માતા ઇશ્વરનું મહાન સર્જન છે"

ઈશ્વરે ફૂલોમાંથી સુગંધ લીધી.
વૃક્ષોમાંથી ભવ્યતા લીધી
પ્રભાતની ઝાકળમાંથી નમ્રતા લીધી
શાંત સમુદ્રમાંથી શાંતિ લીધી.
સંધ્યામાંથી સુંદરતા લીધી.
તારા વડે પ્રકાશિત રાત્રીમાંથી આત્મા લીધો
ખળ ખળ કરતા ઝરણામાંથી હાસ્ય લીધું
ઊડતા પક્ષીની સુંદરતા લીધી
આ બધામાંથી ઈશ્વરે એક સર્જન કર્યું
આ મહાન સર્જનને તેણે નામ આપ્યું - માતા.

**- જ્યોર્જ બક**

### બાળ મિત્રો,

ઘણીવાર આપણાં માતા-પિતા આપણને કંઈક મદદ કરવાનું કહે છે. આમાં બજારમાંથી કોઈ વસ્તુ ખરીદવા માટે કે ઘરકામમાં મદદ કરવા જેવી બાબત હોય છે. પરંતુ આપણે કાં તો રમતા હોઈએ છીએ કાં તો ચલચિત્ર કે ક્રિકેટ મેચ જોતા હોઈએ છીએ. અને કોઈકવાર તો આપણે નાની નાની વાતોમાં એમની સાથે ઝગડી પણ પડીએ છીએ. દિવસને અંતે આપણાં વ્હાલાં માતા-પિતા તરફના આપણા વર્તન બદલ પસ્તાવો પણ થાય છે. તો શાંતિથી બેસીને વિચારજો કે વ્હાલાં માતા-પિતાનાં આંજ્ઞાકિત સંતાન આપણે શું કરવું જોઈએ?